# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-02-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## દિલ્હી ચુંટણી પરિણામ:

ભારતીય જનતા પાર્ટીએ 27 વર્ષના અંતરાલ પછી દિલ્હીમાં બહુમતી મેળવી છે. પાર્ટીએ આમ આદમી પાર્ટીને હરાવીને બે તૃતીયાંશ બેઠકો જીતી છે.

૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોની નવીનતમ સ્થિતિ અનુસાર, ભાજપે 48 બેઠકો જીતી છે અથવા આગળ છે. જયારે આમ આદમી પાર્ટીએ ૨૨ બેઠકો પર સફળતા મેળવી છે.

હારનારા અગ્રણી નેતાઓમાં આમ આદમી પાર્ટીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન, સોમનાથ ભારતી, સૌરભ ભારદ્વાજ અને દુર્ગેશ પાઠકનો સમાવેશ થાય છે. કોંગ્રેસના સંદીપ દીક્ષિત, ભાજપના રમેશ બિધુરી અને રાજ કુમાર આનંદને પણ હારનો સામનો કરવો પડ્યો છે.

-------------------------------------------------------------------------------------------

## બિમસ્ટેક યુવા સમિટ :

કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગાંધીનગરમાં BIMSTEC(બિમસ્ટેક) યુવા સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું.

શ્રી માંડવિયાએ જણાવ્યું કે, યુવાનો વચ્ચે થનાર સંવાદમાં વિવિધ દેશના વિકાસ મંથન થશે. તેમજ બિમસ્ટેક ભારત સાથે અન્ય દેશોના સહયોગ થી વિકાસની ભૂમિકા અદા કરશે.

તેમજ ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ યુવાનો સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ સમીટમાં સામૂહિક વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ગુજરાત સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે. આ સમિટમાં નેપાળ, ભૂતાન, થાઈલેન્ડ, શ્રીલંકા જેવા પાડોશી દેશોના યુવાનો ભાગ લઈ રહ્યા છે.

મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલી આ સમિટ 11 ફેબ્રુઆરી સુધી ચાલશે, જેમાં સાત દેશના 70 પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે.

---

## મિલેટ મહોત્સવ:

**રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં આજથી બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજાર 2025'નો આરંભ થયો છે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ ખાતેથી રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવનો આરંભ કરાવ્યો હતો. રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં રાજ્યભરમાંથી મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો, ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓએ ભાગ લીધો છે.**

**આ મહોત્સવમાં પરિસંવાદો, તાલીમ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત મિલેટ વેચાણ અને પ્રદર્શન સ્ટોલ્સ અને મિલેટ લાઈવ ફૂડ સ્ટોલ્સ મુલાકાતીઓમાં આકર્ષણ જમાવશે. 105 પ્રદર્શન અને વેચાણ સ્ટોલ્સ પર વિવિધ પ્રકારના મિલેટ પ્રોડક્ટ્સ, પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક ખેતી પ્રોડક્ટ્સ સહિતની ચીજો રજૂ કરવામાં આવી છે.**

---

## ભુજ-એસ.ટી.સ્વચ્છતા:

ભુજ એસટી બસ પોર્ટ ખાતે નગરપાલિકાના સહયોગથી સ્વચ્છતા જાગૃતિ અભિયાન અંતર્ગત એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. બસ પોર્ટ પરિસરમાં શેરી નાટકના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો, જેમાં ભીનો અને સૂકો કચરો અલગ કરવાની પદ્ધતિ સહિત વિવિધ સ્વચ્છતા સંબંધિત બાબતોની સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં 'મારું ઘર, મારું નગર' અને 'સ્વચ્છ બસ પોર્ટ'ના સૂત્રને કેન્દ્રમાં રાખીને એસટી સ્ટાફ અને મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. આ દરમિયાન તમામ ઉપસ્થિત લોકોએ પરિસરને સ્વચ્છ રાખવાના સંકલ્પ સાથે શપથ ગ્રહણ કર્યા.

---

## પલાંસવા-ટીકર માર્ગ

**રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાને સૌરાષ્ટ્ર સાથે જોડતાં સરહદી વાગના વિકાસ માટે ઉપયોગી એવાં પલાંસવા-ટીકર માર્ગને બનાવવા પહેલાની કામગીરી માટે 20 કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે. કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ રાજ્ય રાજ્ય સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી તથા જણાવ્યુ હતું કે પલાંસવા-ટીકર માર્ગથી કચ્છના પ્રવાસનને વેગ મળશે અને ટ્રાફિક સમસ્યા હળવી બનશે.**

---

## રાપર-ભચાઉ-ચુંટણી દેખરેખ:

રાજ્ય ચુંટણી આયોગ દ્વારા રાપર-ભચાઉ નગર પાલિકાની સામાન્ય ચુંટણી અને જિલ્લાની 3 તાલુકા પંચાયતની પેટા ચુંટણી માટે લાકડીયા 2 બેઠક, મોટી ભુજપુર 2 બેઠક અને દરશડી બેઠક માટે આગામી તારીખ 16મી ફેબ્રુઆરીના મતદાન થવાનું છે અને તારીખ 18મી ફેબ્રુઆરીના પરિણામ જાહેર થવાનું છે ત્યારે ચુંટણી કામગીરીના સંચાલન અને દેખરેખ માટે રાજ્ય ચુંટણી આયોગ દ્વારા કચ્છમાં જનરલ ઓબ્ઝર્વર તરીકે ગાંધીનગરથી ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પો.લી.ના મેનેજીંગ ડાયરેક્ટર એસ.કે.પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી હોવાનું જીલ્લા ચુંટણી અધિકારી મિતેષ પંડ્યાએ જણાવ્યુ હતું.

---